


VASILO = BAAPJI
FAKHRUDDIN SHAHID
MOULA


PDF by:
Yusuf
Abd'il
Qadir

બાબજી સાહિબનો વસીલો

બિસમિલ્લા હિરરહમા નિરરહીમ

યા અલ્લાહો યા રબ્બો, યા રહમાનો યા રહીમો અય એલાહુલ આલમીન. અય ખાલીક, આ તારા વલી તારી રાહમાં શહીદ થનાર આકા ફખરૂદ્દીનની તારા નઝદીક એહની હુરમત અઝીમ છે. એહની શફાઅત મકબુલ છે. અય પરવરદિગાર હમે તારા બન્દા છે. તારા મખલુક છે તુંએ પયદા કીધા છે. જો કે માથાસી પગ તક ગુનાહોસી ભરેલાં છે. શરમમાં ભરા હુઆ

છે. કોણસું મુહ લઇને તારા વલીના નઝદીક આવીને ઉભા રહીએ અને આવાઝને ઊંચો કરીએ. ઇમ્મા અય પરવરદિગાર તું અરહમુરરાહિમીન છે. ગુનેગાર બન્દાની તોબા અને દુઆ પસંદ છે. તે વાસ્તે તારા વલીએ અઅઝમના નઝદીક આવીને ઉભા છે તઝરરો કરીએ છે કાલ્લાવાલા કરીએ છે માફી માંગીએ છે. તારા વલીનો વસીલો લઇએ છે. અય પરવરદિગાર, તું બાબજી ફખરૂદ્દીન સાહિબના વસીલાથી તારા કંઇક બન્દા ગુનેગારને બખશા છે અને બખશે છે. તે બન્દાએના જુમલામાસી હમનેભી કર. હમારા ગુનાહની તરફ

દેખીસ તો હમારો કદી ખુલાસો નહી થાય. ઇમ્મા તારો ફઝલ આમ છે. સગલા બન્દાઓ એહમાં શામીલ છે. તારા વલીની કદર તારા નઝદીક ઘણી અઝીમ છે.

અય પરવરદિગાર હમે હમારા વતનોને છોડા. હમારા એહલે ઓલાદને મુકા છે. ફિરાક કીધા છે. હમારા મોહિબ્બોસી દુર થયા. સઘલાની જુદાઈ ઇખ્તિયાર કીધી છે અને તારા વલીની તરફ કંઇક ફોસો કતેઅ કરીને આવ્યા છે. કંઇક મેહનત ઉઠાવી છે. શાયદ તું હમારા ઉપર તારી રહેમત ઉતારે. તારા વલીની શફાઅત હમારામાં મકબુલ કરે. હમારી

સઘલી ઉમીદો બર લાવે. હમારા ગુનાહો
માફ કરી હમારી તરફ તારી કરમની
નિગાહસી દેખે. અય પરવરદિગાર
હમે તારા વલીના નઝદીક આયા છે.
એહના દરવાઝા ઉપર ઉતરા છે.
એહના અંગનમાં પરા છે. આંખો ઉંચી
કીધી છે. હાથો ઉઠાયા છે. તઝર્રો કરીએ
છે. દુઆ કરીએ છે. આવાજ બુલન્દ કરી
કહીએ છે કે અય બાબજી ફખરૂદ્દીન શહીદ,
અય આકા, અય મોલા, અય તારમલના
કમર અય મોઅજીઝાતના સાહિબ! હમેં
આપના ગુલામો છે. આપ હમારા આકા
છો, દુર દુરસી આયા છે, ગુનાહમાં
આલુદા છે, આપની જનાબમાં હાઝીર

થયા છે, ઉમીદવાર છે, રેહમતના તલબગાર છે. અગર આપ રહેમત નહી કરો તો કોણ રહેમતનો કરનાર છે. દરેક શખ્સ પોતાના ફરઝંદ ઉપર રિકકત ખાઈ એહલે અકરૂબાને રેહમત કરે છે. બન્દા બન્દા ઉપર શફકકત કરે છે, તો અય મૌલા ! આપ શું રહમત નહી કરો. આપના દરસી તમામ આલમ રહેમત અને શફકકત કરતાં સીખા છે. કોનસા દરવાજા ઉપર જઇશું. કહાં ખરા રહીશું. કોના પાસે સવાલ કરીશું. અય મુશકિલને આસાન કરનાર અય ફખરૂદ્દીન આકા હમારી મુશકિલ દુર કરજો.

જે મિસલ કે શેરે ખુદા મુશકિલ કુશાના વસીલાથી આદમ (અ.)ની ખતા માફ થઇ,

આપના વસીલાથી ઇદરીસ (અ.) આસમાન પર ચઢા, આપે નુહ (અ.)ના જહાઝને તુફાનથી બચાયું આપે શીશ (અ.)ને યારી દીધી, આપે ઇબ્રાહીમ (અ.) પર આગને ઠંડી કીધી, ઈસ્માઇલ (અ.)ને ઝબ્હથી બચાયા, યાકુબ (અ.)ની આંખને વાલી, યુસુફ (અ.)ને કુવાથી નિકાલા, યાકુબ (અ.)ને યુસુફ (અ.)થી મિલાયા, મુસા (અ.)ને અસા અતા કીધી, મન સવલા આસમાનથી ઉતારા, યુશે (અ.)ની દુવા સાંભળીને સુરજ ડુબેલાને પાછા રદ્દ કીધા. એ બાબાજી સાહિબ, એ ફખરૂદ્દીન મોલા, એ મોલા અલી અ. સ. ના વાસ્તાથી કરમ કરજો, અને મુશકિલને હલ કરજો. એ મુશ-

કિલ કુશા અલી (અ.સ.), એ અમીરૂલ મોઅ-
મીનીન, એ અય્યુબ (અ.)ની મઝરરતને દુર
કરનાર, એ યુનુસ (અ.)ને મચ્છીના પેટમાંથી
નિકાલનાર, એ ઇસા (અ.)ને મુડદા જીંદા
કરતાં શીખવનાર, એ નબી મુસ્તફા (અ.
સ.)ની મુશકિલોને આસાન કરનાર, દીનના
સરદાર, એ અલીયુલ મુરતુઝા (અ. સ.)એ
હયદરે કરરાર, મારી ખતાને માફ કરજો.
મારી ઇજ્જત વધારજો મારા જહાઝને
બલાનાં તુફાનમાંથી બચાવજો, મને યારી
દેજો. મારી મુસીબતની આગને બુઝાવજો.
દુશ્મનની છુરીથી બચાવી ઉમ્મીદોની રોશની
દેખાવીએ. આ દુન્યાની ખારથી નિકાલજો.
ઓલીયા અલ્લાહથી મિલાવીએ. જન્નતની

રોઝી દેજો. નેઅમત દેખાવી મારી દુઆને સાંભલજો, નાઉમ્મીદની અંધેરથી નિકાલયે, મારા સુરજને ઉગાવીએ. મારી મઝરરતને દુર કરીએ. મને ગુનાહોથી પાક કરીએ મારા મુરદાને ઝીન્દા કરીએ. મારી મુશકિલને આસાન કરજો.

એ બાબજી મોલા કોણ શખ્સે સવાલ કરયો અને આપે યારી ન આપી ? કોણ શખ્સે આપનો આસરો લીધો અને આપે આસરો ના આપો ? કોણ શખ્સે આપ ઉપર ભરોસો કીધો અને આપે એહને ના સંભાલો ! હાશાક ! હાશાક ! યા મોલાઇ આપે હરએક સાઇલને અતા આપીને રદ કીધો, હરએકના અવાઝનો જવાબ આપો.

હરએક મોઅમિનને સંભાલો. હવે આ અવાજને સૂનએ. આ સાઇલની ઉમ્મીદોને પુરી કરીએ, આ મિસકીનને આસરો આપીએ આ જાનને બચાવીએ, આ ગરીબને સંભાલીએ.

એ ફખરૂદ્દીન આકા, એ બાબજી મોલા! મારા ગુનાહ મોહટા છે તો આપનું માફ કંઇ કમ નથી. આપને એ ગુનાહ માફ કંઈ ભારી નથી. એ ફખરૂદ્દીન મોલા એ વલીયુલ્લાહ હરએક શખ્સ આપના દરવાજા પરથી મકસદની દામન ભરીને વલે છે અને મિસકીન નાખુશ ખડો રહે? ના! એ મારા મૌલા, એ મારા મૌલા! બલકે હું

જે મિસલ ઉમ્મીદો કરીને આયો છું તે મિસલ મારી ઉમ્મીદોને પહોંચાવીએ મારી દુઆને કબુલ કરીએ આપની શફાઅત અતા કરીએ. સઘલા મુત્તકીનના જુમલામાં કરીએ, મહમ્મદી શરીઅત પર કાયમ કરીએ. જહેલના મોતથી નીકાલીએ, ઇલમ અને ઈમાન બખશીએ. મારા અહેલો ઓલાદને અતા કરી અબરારના જુમલામાં કરીએ. દીન દુન્યાની સઆદત બખશીએ. તાકે આપની સીફારીશથી ખુદાતઆલાની ખુશીથી આપના જવારમાં આખેરતમાં સઘળા જમા થઈએ, આપથી આવી લાઇક થઇને આપના દીદારથી બેહરાવર થઈએ.

એ રબ્બુલ આલમીન ! રસુલુલ્લાહ (સ. અ.)ની શફાઅતથી તારા વલીના વસીલાથી ફાતેમ તુઝઝહેરા (અ.)ની હુરમતથી મૌલાના હસન હુસેન (અ. સ.)ના તુફેલથી મવલાના ઝયનુલ આબીદીન (અ.) મૌલાના મહમ્મદુલ બાકીર (અ.) મૌલાના જાફરસ્સાદિક (અ.) મૌલાનલ મુહમદ (અ.) મૌલાના હુસૈન (અ.) મૌલાનલ મેહદી (અ.) મૌલાનલ મુસતનસીર (અ.) મૌલાનલ આમીર (અ.) મૌલાનલ તય્યબ (અ.) સાહીબુઝઝમાનના વસીલાથી મૌલાનલ કાયમના વાસ્તાથી મારી દુઆ કબુલ કરમને

નસીબકર. આ તારા વલી બાબજી ફખરૂદીન શહીદના દરવાઝા પરથી મેહરૂમ ના વાલ. તું અરહમુરરાહિમીન છે. અકરમુલ્લ અકરમીન છે. રેહમત કર રેહમત કર, ફઝલ કર, ફઝલ કર, ફઝલ કર, વલહમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન. વસ્સલાતો વસ્સલામો અલા સય્યેદેના મુહમ્મદિન આલીહિત્તાહિરીન.

આ વસીલો લીધા પછી અલહમદો અને યાસીન પઢીને હાજત તલબ કરવાથી જરૂર ખુદા તઆલા બાબજી સાહિબના તુફેલથી હાજત પુરી કરશે.

મનાકીબ મોલાઇ ફખરૂદીન (ક. રૂ.)

૧

ગરદિશ સી ફલકનો સતાયો છું.
દરબારમાં આપના આયો છું,
બે સબર છે દીલ દુઃખ પાયો છું,
આપો ફખરૂદીન મોલા દાદ મને.

૨

છે મુશકીલ મારા પર ભારી
કોણ આપ વિના દેશે યારી,
આસાન કરો મુશકીલ મારી,
આપો ફખરૂદીન મોલા દાદ મને.

૩

આફત બલાસી હારો છું,
બેતાબ છું દુખનો મારો છું,

લઈ આસરો બેઠો તમારો હું,
આપો ફખરૂદ્દીન મોલા દાદ મને.

૪

છો ફઝલે કરમના આપ ધની
અને બહેરે સખાના દુર સખી
કરો ચાહો તો મોહતાજને ગની
આપો ફખરૂદ્દીન મોલા દાદ મને.

૫

યહાં રાઓને રાજા આવે છે.
અને ખુશુઅ થઇ સર નમાવે છે,
દઇ સીજદા ગાલ લોટાવે છે.
આપો ફખરૂદ્દીન મોલા દાદ મને.

૬

ચાહે કયસર કીસરા ગુલામીને
આવે સર ઝુકાવી સલામીને

નથી અજબ આ શાન હુમામીને
આપો ફખરૂદ્દીન મોલા દાદ મને.

૭

આવે હાજત લેવા ને જાય છે લઈ
થાકે લેનાર એટલું આપો છો દઈ
છે કોણ સખી ગયા આપસા થઈ
આપો ફખરૂદ્દીન મોલા દાદ મને.

૮

એઅજાઝો કરમસી છો ગરજા તમે
થઈ ઈવાને સખા છો વરસા તમો
બેશક છો અતાના દરિયા તમે
આપો ફખરૂદ્દીન મોલા દાદ મને.

૯

યે બુર્ગ સમરના શનજરને સમર
અને મોહતાજ પીસરને દો છો પીસર
ખુશ થાય છે દેખી નુર નજર
આપો ફખરૂદ્દીન મોલા દાદ મને.

૧૦

બડી મોમસી થઈ તૂટે છે.
એહલે એહલેં વલા સબ હુટે છે,
દેખાવને સબોના દીલ છુટે છે.
આપો ફખરૂદીન મોલા દાદ મને.

૧૧

ઓસાફ શું કરી સરવર
જમાવે છે મલક યહાં પલકોને દર
ખીદમતથી બશરને મીલે છે ફખર
આપો ફખરૂદીન મોલા દાદ મને.

૧૨

બુરહાનુદ્દીન શાહ યે છે બરતર,
યે તો દાવતને દીનના છે રેહબર,
સુનો દઅ્વતના છે યે દીન પીદર,
આપો ફખરૂદીન મોલા દાદ મને.



